**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. II-૩૭-૨૦૧૪-૧૫**

અરજદાર: ગણપતસિંહ બાબરસિંહ પરમાર,
રે. નવી માલવણ, પો. માલવણ,
તા. ગલતેશ્વર,
જી. ખેડા,

રજુઆત કરનાર: ગેરહાજર

સામાવાળા: નાયબ ઇજનેર,
એમ.જી.વી.સી.એલ.,
પેટા-વિભાગીય કચેરી,
ઠાસરા.

રજુઆત કરનાર: શ્રી એમ. એસ. સોલંકી, નાયબ ઇજનેર, એમ.જી.વી.સી.એલ., ઠાસરા પેટા-વિભાગીય કચેરી.

ફરીયાદીની તા. ૧૭.૦૭.૧૪ ની સીંગલ ફેઝ ૨ કિ.વો. જોડાણ ચાલુ કરવા બાબતની અરજી.

તા. ૨૫.૦૭.૧૪૦૦; તા. ૦૧.૦૮.૧૪; તા. ૦૮.૦૮.૧૪ ના રોજ ફરીયાદીની ફરીયાદ સાંભળવામાં આવી. ફરિયાદી જાતે કે તેમના વતી કોઇ પણ વ્યક્તિ ફોરમ સમક્ષ કોઇ મુદતે હાજર રહ્યા નથી. સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે એમ.એસ.સોલંકી, ડેપ્યુટી એન્જીનીયર; ઠાસરા ના તા. ૨૫.૭.૧૪ તથા તા. ૦૧.૦૮.૧૪ ના રોજ હાજર રહ્યા. ફરિયાદીની ફરિયાદ અરજ વંચાણે લેવામાં આવી તથા સામાવાળા તરફે શ્રી એમ.એસ.સોલંકીને સાંભળ્યા.

ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે :-

(૧) ફરિયાદીની ફરિયાદ મુજબ ફરિયાદીનું ગ્રા.નં. ૦૫૦૧૮/૦૦૦૬૧/૯; ટૅરિફ એનઆરજીપી નું તેઓના નામનું વીજ જોડાણ ચાલું હતું. ફરિયાદીને નવું મકાન બનાવવાનું હોઇ તથા સામાજીક પ્રસંગ હોઇ વીજ જોડાણ થોડા સમય માટે બંધ હતું. વીજ વપરાશના બધા જ બિલ પૂરે પૂરા ભરપાઇ કરેલ હતાં. છતાં ફરિયાદીનું વીજ જોડાણ ફરિયાદીને જાણ કર્યા વગર (×) એક્સ લગાવીને કાપી નાંખવામાં

આવેલ છે.  ફરિયાદીની જાણ બહાર મીટર લઇ ગયા છે.  તા. ૧૯.૦૬.૧૪ સુધીનું છેલ્લું બિલ પણ મળેલ છે.  ફરિયાદીએ પોતાને અન્યાય થયેલ હોવાનું જણાવી ફરીથી વીજ જોડાણ જોડી આપવા માંગણી કરેલ છે.

(૨) ફરિયાદીને રૂબરૂ સુનવણી માટે તા. ૨૫.૦૭.૧૪; ૦૧.૦૮.૧૪ તથા તા. ૦૮.૦૮.૧૪ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ.  પરંતુ ફરિયાદી જાતે કે તેઓના વતી બીજું કોઇ હાજર રહેલ નથી. આમ ત્રણ વખત તક આપવા છતાં ફરિયાદી હાજર રહેલ ન હોઇ તેવોની ફરિયાદ અરજને આધારે આગળની કાર્યવાહી કરવામાં આવી.

(૩) સામાવાળા તરફે એમ.એસ.સોલંકી હાજર રહ્યા અને પુરાવાઓ રજુ કર્યા. તેઓએ ફોરમને જણાવ્યું કે, ફરિયાદીએ જાતે તા. ૧૮.૦૨.૧૩ ના રોજની અરજીથી તેઓનું સીંગલ ફેઝ વીજ જોડાણ વપરાશ ન હોવાથી રદ્દ કરવા બાબતની અરજી આપેલ છે. તે અરજીના આધારે મીટર તથા સર્વિસ વાયર તા. ૨૨.૦૪.૧૩ ના રોજ આઉટવર્ડ નં. ૧૭૩૪ ના પી.ડી.સી. ઓર્ડરથી તા. ૨૩.૦૪.૧૩ ના રોજ જમા લીધેલ હતું અને તા. ૨૭.૦૫.૧૪ ના રોજ (×) એક્સ પાડી વિધિવત પી.ડી.સી. કરવામાં આવેલ.

(૪) સુનવણી દરમ્યાન ફોરમના સભ્યોએ હાજર રહી પક્ષકારને સાંભળ્યા. બન્ને પક્ષકારોએ રજૂ કરેલ દસ્તાવેજોનું નીરીક્ષણ કર્યું. સામાવાળા તરફે ફરિયાદીએ વીજ જોડાણ પી.ડી.સી. કરવા માટે આપેલ. તા. ૧૮.૦૨.૧૩ ની અરજી; વિદ્યુત જોડાણ કાપવાની નોટીસ વિગેરે રજૂ કરવામાં આવેલ છે. દસ્તાવેજોના આધારે ફોરમના સભ્યોએ નિર્ણય ઉપર આવ્યા કે; ફરિયાદી તા. ૧૮.૦૨.૧૩ ના રોજ તેઓનું વિદ્યુત જોડાણ પી.ડી.સી. કરવા અરજી કરેલ કે સામાવાળાએ તા. ૨૩.૦૪.૧૩ ના રોજ કંપનીનું મીટર તથા સર્વિસ વાયર જમા લીધેલ છે અને તા. ૨૭.૦૫.૧૪ ના રોજ (×) પાડી વિધિવત પી.ડી.સી. કરેલ છે. સામાવાળા કંપનીની ભૂલ ચોક્કસ છે કે તા. ૨૩.૦૪.૧૩ ના રોજ મીટર તથા સર્વિસ વાયર જમા લીધા પછી એક વર્ષ બાદ તા. ૨૭.૦૫.૧૪ ના રોજ (×) પાડી વિધિવત પી.ડી.સી. કરવામાં આવેલા છે અને બિલ આપવામાં આવેલ છે. પરંતુ ફરિયાદીએ પછીના કોઇ બિલ ભરપાઇ કર્યા નથી. પરંતુ ફરિયાદીનું વીદ્યુત જોડાણ પી.ડી.સી. તેઓની અરજીના આધારે જ વિદ્યુત જોડાણ પી.ડી.સી. કરેલ છે અને તેથી એમ.જી.વી.સી.એલ.ના એ ફરીથી પી.ડી.સી. ને ફરી કનેક્શન નહીં જોડવાનો નિર્ણય કર્યો છે કે બરાબર છે.

ફોરમના મંતવ્ય મુજબ એમ.જી.વી.સી.એલ. ના એ પી.ડી.સી. ફરીથી નહીં જોડાણ આપવાનો કરેલ નિર્ણય બરાબર છે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ફરિયાદી શ્રી પરમાર ગણપતસિંહ બાબરભાઇ મુ. નવી માલવણ, તા. ગલતેશ્વર જી. ખેડાનાને હુકમ કરવામાં આવે છે કે, એમ.જી.વી.સી.એલ.ના ફરિયાદીનું વિદ્યુત જોડાણ ફરી નહીં જોડવાનો કરેલ નિર્ણય બરાબર છે.

| | | |
|---|---|---|
| (એમ. એમ. મરાઠે) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.